જૂની બેન્ગલ્સથી બનાવો

ઘર માટે ડેકોરેટીવ પીસ

શું તમારા કબાટમાં તમારી જૂની બંગડીઓ પડી રહી છે. લગ્ન કે કોઈ ખાસ પ્રસંગો પર ખરીદેલી બંગડીઓ ત્યાર બાદ ભાગ્યે જ પહેરાય છે. તો તે પડી રહે તેના કરતાં થોડી અન્ય સામગ્રીઓનો ઉપયોગ કરીને તેમાંથી સુશોભનની વસ્તુઓ બનાવી શકાય છે. ઓછા ખર્ચે આકર્ષક ડેકોરેટીવ વસ્તુઓ બનાવી ઘરની શોભા વધારી શકાય છે. તો જોઈએ, જૂની રંગબેરંગી બંગડીઓનો ઉપયોગ કરીને આપણે શું બનાવી શકીએ છીએ.



સુંદર વોલ આર્ટ

વોલ આર્ટ બનાવવા માટે એક ફોમ બોર્ડ અથવા એક કેનવાસ લો અને તેના પર ડીઝાઈન બનાવવા માટે કોઈ પણ બે રંગની કે ઘણા બધા રંગોવાળી બેન્ગલ્સ પસંદ કરો. આ વોલ આર્ટને મૂકવા માટે એક મોટી અને ખુલ્લી દીવાલ પસંદ કરી શકાય. વોલ આર્ટ માટે વર્તુળાકાર કે ફૂલના આકારની ડીઝાઈન પસંદ કરી શકાય. લીવીંગ રૂમ કે બેડરૂમની દીવાલ પર તે આકર્ષક લાગી શકે છે.

ફોટોફ્રેમ



જૂની ફોટોફ્રેમથી કંટાળી ગયાં હો તો જૂની બેન્ગલ્સનો ઉપયોગ કરીને ફોટોફ્રેમની બોર્ડર પર લગાડીને તેને નવી જેવી જ બનાવી શકાય છે. ફોટોફ્રેમ પર ચોંટાડવા માટે રંગબેરંગી અને જુદી જુદી સાઈઝની બેન્ગલ્સ પસંદ કરી શકાય. બેડસાઈડ ટેબલ પર મૂકવા માટે અથવા ફેમિલી ફોટોગ્રાફ માટે આ ફોટોફ્રેમ શ્રેષ્ઠ રહે છે.

ડેકોરેટીવ કેન્ડલ જાર

બોરિંગ સિમ્પલ કેન્ડલ જારને સુંદર બનાવવી હોય તો જૂની બેન્ગલ્સને જાર પર ચોંટાડીને તેને આકર્ષક બનાવી શકાય. રંગબેરંગી બેન્ગલ્સને અથવા કોઈ એક રંગની બેન્ગલ્સને એકની ઉપર એક મૂકીને જાર પર લગાડીને તેને આકર્ષક બનાવી શકાય છે. જારની ધાર પર ઝીણી LED લાઈટ્સ પણ લગાડી શકાય.

ટેબલ કોસ્ટર



મજબૂત બેન્ગલ્સનો ટેબલ કોસ્ટર બનાવવા માટે ઉપયોગ કરો. બેન્ગલ્સને કોસ્ટર પર વ્યવસ્થિત રીતે ફીટ બેસે તે રીતેગોઠવો. પર્ફેક્ટ ફીનીશ આપવા માટે તેને કપડાંથી કે જ્યુટથી લપેટીને રાખો. કપ બરાબર રીતે કોસ્ટર પર ફીટ બેસે તે રીતે બેન્ગલ્સને ગોઠવો નહિતર અસમથળ સર્ફેસને કારણે કપ પડી શકે છે. તમે ટેબલને સૂટ કરે તેવા રંગની બેન્ગલ્સ પણ પસંદ કરી શકો છો.

વિન્ડ ચાર્મ

રંગબેરંગી બેન્ગલ્સને મજબૂત દોરીથી બાંધો. તેની સાથે હલકા વજનવાળા ડેકોરેટીવ પીસ પણ લગાડી શકાય. તમે વર્તુળાકારમાં પણ બેન્ગલ્સ લગાડી શકો છો. આ વિન્ડ ચાર્મને તમે દીવાલ પર ન ઠોકાય તે રીતે અને જ્યાં હવા વધારે આવતી હોય તેવી જગ્યાએ અથવા બાલ્કનીમાં પણ મૂકી શકો છો.

ડાયનીંગ ટેબલ માટેની નેપકીન રીંગ



જૂની બેન્ગલ્સનો ડાયનીંગ ટેબલ પર મૂકવાની નેપકીન રીંગ બનાવવા માટે ઉપયોગ કરી શકાય જેનાથી તમારા ડીનરને ચાર ચાંદ લાગી શકે છે અથવા તમે ફેસ્ટીવ લુક આપવા માટે પણ તેનો ઘર સજાવટ તરીકે ઉપયોગ કરી શકો છો. વિવિધ રંગોવાળી બેન્ગલ્સનું સંયોજન કરો. તેમને ફેન્સી રિબન, લેસ કે કાપડ વડે બાંધી દો. ફક્ત આ નેપકીન રીંગ જ તમારા ઘરની શોભા વધારવા માટે પૂરતી થઈ રહેશે.



હેંગીગ જ્વેલરી ઓર્ગેનાઈઝર

જો તમે તમારી ચેન અને ઈયરીંગને છૂટી કરવાથી કંટાળી ગયાં હો તો આ હેન્ગીંગ જ્વેલરી ઓર્ગેનાઈઝર તમને ઘણું કામ લાગશે. બેન્ગલ્સને મજબૂત રહે તે રીતે હુકમાં ફીટ કરો અથવા બોર્ડ પર લગાવી દો. બે બેન્ગલ્સ વચ્ચે થોડું વધારે અંતર રાખો જેથી જ્વેલરી પણ લગાવી શકાય. તમે બેન્ગલ્સને એક લાઈનમાં કે ઉપરનીચે પણ મૂકી શકો છો જેથી એક ડીઝાઈન લાગે. બસ, બેન્ગલ્સ બોર્ડ પર કે દીવાલ પર અથવા ડ્રેસિંગ ટેબલ પાસે મજબૂત રીતે જોડાયેલી રહે તેનું ખાસ ધ્યાન રાખો.

મિરર ફ્રેમ

રંગબેરંગી અથવા એક જ રંગની બેન્ગલ્સ વડે મિરર ફ્રેમ પણ બનાવી શકાય. ડેકોરેટિવ લુક આપવા માટે તમે બેન્ગલ્સની સાઈઝમાં વિવિધતા પણ લાવી શકો છો. બેન્ગલ્સને મિરરના ભાગ પર ન લાગે તે રીતે તેની ધાર પર લગાડીને એક ફ્રેમ તૈયાર કરી શકાય છે. બસ, ધ્યાન એટલું રાખવાનું કે ફ્રેમ મિરર કરતાં વધારે ભારી ન બની જાય.



ટેબલ લેમ્પ બેઝ

બોરિંગ સાઈડ ટેબલ કે સ્ટડી ટેબલને ડેકોરેટીવ લુક આપવા માટે ટેબલ લેમ્પના નીચેના ભાગને બેન્ગલ્સ વડે સજાવી શકાય. લેમ્પના શેડ કે બેડરૂમના ફર્નિચરને સૂટ કરે તેવી બેન્ગલ્સ પસંદ કરો. ડેકોરેશનને લેમ્પના બલ્બ, વાયરીંગ અને ગરમ થઈ શકતાં ભાગથી દૂર રાખો.

કૂંડાને શણગારી શકાય

સિમ્પલ કૂંડાની ધાર પર જૂની બેન્ગલ્સની બોર્ડર કરવાથી તે બાલ્કનીમાં સુંદર દેખાશે. બ્રાઈટ કલર્સ બાલ્કનીમાં અને મેટલીક કલર્સ ઘરની અંદરનાં કૂંડા પર વધારે સારા લાગશે. બેન્ગલ્સને કૂંડાની કિનારી નજીક ગોઠવો અથવા તેની આસપાસ રંગીન પટ્ટી બનાવો. બેન્ગલ્સ માટે યોગ્ય એડહેસિવનો ઉપયોગ કરો.

